# સૂર્યથી પૃથ્વી ક્યા દિવસે સૌથી વધારે અંતર પર હોય છે?

**1. નીચે પૈકીનો ક્યો વિકલ્પ બાકીના વિકલ્પો સાથે બંધ બેસતો નથી?**
(૧) આયુર્વેદ (૨) સામવેદ (૩) યજુર્વેદ (૪) અથર્વવેદ

**2. કોઇ પણ સદીનો છેલ્લો દિવસ નીચે પૈકી ક્યો વાર ન હોઇ શકે?**
(૧) સોમવાર (૨) મંગળવાર (૩) બુધવાર (૪) શુક્રવાર

**3. ફાધર વાલેસને ક્યા વર્ષમાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો?**
(૧) ૧૯૭૬ (૨) ૧૯૭૭ (૩) ૧૯૭૮ (૪) ૧૯૭૯

**4. ગુજરાતમાં ચિનાઇ માટીનું જાણીતું ક્ષેત્ર .........છે.**
(૧) મૂળી (૨) મોરબી
(૩) આરસોડિયા (૪) રાજપીપળાના ડુંગરો

**5. લુણેજમાંથી ખનિજ તેલ અને નેચરલ ગેસ વર્ષ ..........માં મળી આવ્યાં હતાં.**
(૧) ૧૯૫૧ (૨) ૧૯૫૩ (૩) ૧૯૫૮ (૪) ૧૯૫૯

**6. અમદાવાદના મશહૂર કાંકરિયા તળાવનું અસલ નામ શું છે?**
(૧) હૌજ-એ-સુલ્તાન (૨) હૌજ-એ-કુત્બ
(૩) હૌજ-એ-ખાસ (૪) હૌજ-એ-શાહી

**7. સૌરાષ્ટ્રના સુવિખ્યાત સંત આપાગીગાની સમાધિનું સ્થળ ક્યું છે?**
(૨) મોટી ખાવડી (૨) સતાધાર (૩) મીઠાપુર (૪) ધુમલી

**8. હાલી નૃત્ય એ સુરત અને તાપી જિલ્લાના ......... આદિવાસીઓનું નૃત્ય છે.**
(૧) મેર (૨) ભીલ (૩) કોળી (૪) દૂબળા

**9. ધાબું ભરવા માટે ચૂનાને પીસતી વખતે કરવામાં આવતા નૃત્યને ............. કહેવામાં આવે છે.**
(૧) માંડવી (૨) મેરાયો (૩) પઢાર નૃત્ય (૪) ટિપ્પણી

**10. ગુજરાતની ઉત્તરથી દક્ષિણ સુધીની લંબાઈ અને પૂર્વથી પશ્ચિમ સુધીની પહોળાઈ જણાવો.**
(૧) ૫૮૦ કિ.મી, ૫૧૦ કિ.મી.
(૨) ૫૯૦ કિ.મી, ૪૯૦ કિ.મી.
(૩) ૫૩૦ કિ.મી, ૫૦૦ કિ.મી. (૪) ૫૯૦ કિ.મી, ૫૦૦ કિ.મી.

**11. સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશ પૈકી ઉત્તરની માંડવની ટેકરીઓમાં ઊંચામાં ઊંચુ શિખર ચોટીલા છે. તેની ઊંચાઈ જણાવો.**
(૧) ૩૪૦ મીટર (૨) ૩૪૧ મીટર
(૩) ૩૪૨ મીટર (૪) ૩૪૩ મીટર

**12. મહી નદીના પ્રવાહમાં ગુજરાતની પહેલા ક્યા ક્યાં રાજ્યો આવે છે?**
(૧) મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર (૨) મહારાષ્ટ્ર, રાજસ્થાન
(૩) મધ્ય પ્રદેશ, રાજસ્થાન (૪) માત્ર મધ્ય પ્રદેશ

**13. નાયકા અને ધોળીધજા ડેમ ગુજરાતની કઈ નદી પર બંધાયા છે?**
(૧) અંબિકા (૨) મચ્છુ (૩) ભોગાવો (૪) શેત્રુંજી

**14. ભમ્મરિયો કૂવો ગુજરાતના ક્યા નગરમાં આવેલો છે?**
(૧) કપડવંજ (૨) અમદાવાદ
(૩) ગાંધીધામ (૪) મહેમદાવાદ

**15. ગોમતીના કાંઠે વસેલા ડાકોર સાથે ક્યા ભક્તની યાદો જોડાયેલી છે?**
(૧) ગોરા કુંભાર (૨) શ્રી મોટા
(૩) ભક્ત બોડાણા (૪) સવા ભગત

**16. ગોહિલ વંશના ક્યા રાજાએ ઇ.સ. ૧૭૨૩માં ભાવનગરની સ્થાપના કરી હતી?**
(૧) વખતસિંહજી (૨) ભાવસિંહજી પ્રથમ
(૩) ભાવસિંહજી દ્વિતીય (૪) તખ્તસિંહજી

**17. કાળી માટી ક્યા પાક માટે ઉત્તમ ગણાય છે?**
(૧) કપાસ (૨) ઘઉ (૩) ચોખા (૪) તેલીબિયાં

**18. કપિલ ધારા ધોધ ક્યા રાજ્યમાં આવેલો છે?**
(૧) તામિલનાડુ (૨) ઝારખંડ
(૩) છત્તીસગઢ (૪) મધ્ય પ્રદેશ

**19. સૂર્યથી પૃથ્વી ક્યા દિવસે સૌથી વધારે અંતર પર હોય છે?**
(૧) ૪ જુલાઈ (૨) ૮ જાન્યુઆરી
(૩) ૨૨ સપ્ટેમ્બર (૪) ૩૧ ડિસેમ્બર

**20. રાની ઝાંસી મરીન નેશનલ પાર્ક ક્યાં આવેલો છે?**
(૧) મધ્ય પ્રદેશ (૨) ગુજરાત
(૩) કેરળ (૪) આંદમાન-નિકોબાર દ્વિપસમૂહ

**21. ઝીણાભાઈ રતનજી દેસાઈ ગુજરાતી સાહિત્યમાં .............. તખલ્લુસથી ઓળખાય છે.**
(૧) ધૂમકેતુ (૨) મિનપિયાસી (૩) વાસુકિ (૪) સ્નેહરશ્મિ

**22. 'ધરાગુર્જરી' કૃતિ ક્યા ગુજરાતી સાહિત્યકારની છે?**
(૧) રા. વિ. પાઠક (૨) ચંદ્રવદન મહેતા
(૩) રાજેન્દ્ર શાહ (૪) બાલમુકુંદ દવે

**23. કાપડની છપાઈ/રંગકામ માટેની 'કલમકારી' પ્રક્રિયા માટે ભારતનું ક્યું રાજ્ય/રાજ્યો જાણીતા છે?**
(૧) રાજસ્થાન (૨) આંધ્ર પ્રદેશ/તેલંગાણા
**(૩) કેરળ (૪) મહારાષ્ટ્ર**

**24. 'અનુભવિકા' કૃતિ ક્યા સાહિત્યકારની છે?**
(૧) અરદેશર ખબરદાર (૨) કાકા કાલેલકર
(૩) જહાંગીર મર્ઝબાન (૪) બહેરામજી મલબારી

**25. રણજિતરામ સુવર્ણચંદ્રક કઈ સંસ્થા દ્વારા અપાય છે?**
(૧) ગુજરાતી સાહિત્ય પરિષદ
(૨) ગુજરાત વિદ્યાસભા
(૩) ગુજરાત સાહિત્ય અકાદમી
(૪) ગુજરાત સાહિત્ય સભા

**26. 'શબ્દસૃષ્ટિ' મુખપત્ર કઈ સંસ્થાનું છે?**
(૧) ફાર્બસ ગુજરાતી સભા (૨) પ્રેમાનંદ સાહિત્ય સભા
(૩) ગુજરાત સાહિત્ય સભા (૪) ગુજરાત સાહિત્ય અકાદમી

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

**27. ગુજરાતમાં ટેલિવિઝનનો પ્રારંભ ૧૫ ઓગસ્ટ, ૧૯૭૫ના દિવસે ખેડા જિલ્લાના ........ખાતેથી થયો હતો.**
(૧) પીજ (૨) વસો (૩) નડીઆદ (૪) મહુધા

**28. ગુજરાતમાં ચુનીલાલ આશારામ ભગતને ક્યા નામે ઓળખવામાં આવે છે?**
(૧) શ્રી મોટા (૨) પ્રમુખ સ્વામી
(૩) સ્વામી ગંગેશ્વરાનંદજી (૪) મોરારીબાપુ

**29. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ જણાવો.**
(૧) ધંધુકા (૨) ધરમપુર (૩) ધોળકા (૪) ધર્મજ

**30. જે જન્મતાં આશિષ હેમચંદ્રની પામી, વિરાગી જિન સાધુઓ તણી દ્રઢાયુ ગોવર્ધનથી બની જે... - આ પંક્તિ ક્યા કવિની છે?**
(૧) દયારામ (૨) ઉમાશંકર જોશી
(૩) કનૈયાલાલ મુનશી (૩) ઇશ્વર પેટલીકર

**31. મહાત્મા ગાંધીજીની જગપ્રસિદ્ધ દાંડી કૂચ ક્યા દિવસે શરૂ થઈ હતી?**
(૧) ૧૦ માર્ચ, ૧૯૩૦ (૨) ૧૧ માર્ચ, ૧૯૩૦
(૩) ૧૨ માર્ચ, ૧૯૩૦ (૪) ૧૩ માર્ચ, ૧૯૩૦

**32. ભીમબેટકાની ગુફાઓ ક્યા રાજ્યમાં આવેલી છે?**
(૧) ગુજરાત (૨) રાજસ્થાન (૩) મધ્ય પ્રદેશ (૪) મહારાષ્ટ્ર

**33. જનરલ ડાયર દ્વારા 'જલિયાંવાલા બાગનો હત્યાકાંડ' કઇ તારીખે થયો હતો?**
(૧) ૧૪ એપ્રિલ, ૧૯૧૯ (૨) ૧૨ એપ્રિલ, ૧૯૧૯
(૩) ૧૩ એપ્રિલ, ૧૯૧૯ (૪) ૧૫ એપ્રિલ, ૧૯૧૯

**34. 'અઢાઈ દિન કા ઝૌંપડા' ક્યાં છે?**
(૧) દિલ્હી (૨) મધ્ય પ્રદેશ
(૩) રાજસ્થાન (૪) ઉત્તર પ્રદેશ

**35. પ્લાસીનું યુદ્ધ ક્યા મહિના અને વર્ષમાં થયું હતું?**
(૧) જૂન ૧૭૫૭ (૨) જુલાઈ ૧૭૫૭
(૩) જૂન ૧૭૫૬ (૪) જુલાઈ ૧૭૫૬

**36. "કરેંગે યા મરેંગે" સૂત્ર ગાંધીજીએ કઈ લડતમાં આપ્યું હતું?**
(૧) અસહકાર ચળવળ (૨) દાંડી કૂચ
(૩) ચંપારણ્ય સત્યાગ્રહ (૪) હિંદ છોડો ચળવળ

**37. "ઓપરેશન ફ્લડ"નો સંબંધ.......... સાથે હતો.**
(૧) ગ્રામીણ કુવા (૨) ગ્રામીણ નહેર
(૩) પાણી પૂરવઠા (૪) દૂધ

**38. RBI જ્યારે કેશ રિઝર્વ રેશિયો ઘટાડે ત્યારે શું થાય છે?**
(૧) બેન્ક્સ પાસે ધિરાણ લાયક નાણા વધે છે
(૨) બેન્ક્સ પાસે ધિરાણ લાયક નાણા ઘટે છે
(૩) ધિરાણ લાયક નાણાં સ્થિર રહે છે
(૪) કોઇ અસર થતી નથી

**39. "કોઇ ન્યાયાલય રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરાવી શકશે નહીં" - આ ઉલ્લેખ બંધારણના ક્યા અનુચ્છેદમાં થયો છે.**
(૧) ૪૦ (૨) ૩૯ (૩) ૩૮ (૪) ૩૭

**40. ભારતના રાષ્ટ્રપતિના કાર્યકાળ સંબંધિત સ્પષ્ટતા ક્યા અનુચ્છેદમાં થઈ છે?**
(૧) ૫૧ (૨) ૫૨ (૩) ૫૫ (૪) ૫૬

**41. "સંઘ માટે એક સંસદ રહેશે અને તેમાં રાષ્ટ્રપતિ તથા રાજ્ય સભા અને લોક સભાનો સમાવેશ થશે." - આવો ઉલ્લેખ ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) ૭૮ (૨) ૭૯ (૩) ૮૦ (૪) ૮૧

**42. ડો. બી. આર. આંબેડકર નેતૃત્વમાં ક્યા પક્ષની સ્થાપના થઈ હતી?**
(૧) ઇન્ડિપેન્ડેન્ટ લૅબર પાર્ટી (૨) ઇન્ડિપેન્ડેન્ટ વર્કર્સ પાર્ટી
(૩) કોન્સ્ટિટ્યુશનલ પાર્ટી (૪) પ્રોગ્રેસિવ લૅબર પાર્ટી

**43. દરેક રાજ્યમાં ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતોની રચના કરાશે. - આ જોગવાઇ બંધારણના ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) 243-A (૨) 243-B (૩) 243-C (૪) 243-D

**44. ચૂંટણી વિષયક બાબતોમાં ન્યાયાલયોની દરમિયાનગીરીની મનાઈની જોગવાઇ ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) ૩૨૯ (૨) ૩૩૦ (૩) ૩૩૧ (૪) ૩૨૮

**45. 10, 25, 54, 60, 75, 100 પૈકી કઈ સંખ્યા શ્રેણીમાં યોગ્ય નથી?**
(૧) ૫૪ (૨) ૬૦ (૩) ૭૫ (૪) ૧૦૦

**46. પેડોલોજી (Pedology) એટલે શું ?**
(૧) વનસ્પતિ વિજ્ઞાન (૨) ભૂમિ વિજ્ઞાન
(૩) શ્વાન ઉછેર કલા (૪) અશ્વ ઉછેર કલા

**47. અંતરે રહેલી વસ્તુઓનું અથવા ઉચ્ચ તાપમાન ધરાવતી વસ્તુઓનું તાપમાન માપવા માટે ............. નો ઉપયોગ થાય છે.**
(૧) મર્ક્યુરી થર્મોમીટર (૨) ગૅસ થર્મોમીટર
(૩) પાયરોમીટર (૪) કલર થર્મોમીટર

**48. ભોપાલ ગેસ દુર્ઘટનામાં લોકોના મોત માટે ક્યો વાયુ જવાબદાર હતો?**
(૧) મિથાઇલ આયસોસાયનૅટ (૨) કાર્બન મૉનૉક્સાઇડ
(૩) નાઇટ્રોજન (૪) સલ્ફર ડાયોક્સાઇડ

**49. OTT પ્લેટફોર્મ એટલે ............. પ્લેટફોર્મ.**
(૧) Over the Top
(૨) Over the Television
(૩) Online Television Technique
(૪) Online Television Transmission

**50. સિલિકોન કાર્બાઇડનો ઉપયોગ શા માટે થાય છે?**
(૧) સિમેન્ટના ઉત્પાદન માટે
(૨) પાણી શુદ્ધ કરવા
(૩) ખુબ જ સખત વસ્તુ કાપવા માટે
(૪) ઓઇલ પેઇન્ટ બનાવવા

**જવાબો :**

**(૧) ૧ (૨) ૨ (૩) ૩ (૪) ૩ (૫) ૩ (૬) ૨ (૭) ૨ (૮) ૪ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૩ (૧૩) ૩ (૧૪) ૪ (૧૫) ૩ (૧૬) ૨ (૧૭) ૧ (૧૮) ૪ (૧૯) ૧ (૨૦) ૪ (૨૧) ૪ (૨૨) ૨ (૨૩) ૨ (૨૪) ૪ (૨૫) ૪ (૨૬) ૪ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૩ (૩૪) ૩ (૩૫) ૧ (૩૬) ૪ (૩૭) ૪ (૩૮) ૧ (૩૯) ૪ (૪૦) ૪ (૪૧) ૨ (૪૨) ૧ (૪૩) ૨ (૪૪) ૧ (૪૫) ૧ (૪૬) ૨ (૪૭) ૩ (૪૮) ૧ (૪૯) ૧ (૫૦) ૩**